પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૮૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૭-૦૩-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 182 PRICE :-RS. 1.50 DATE : 27-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આશ્ચર્યજનક..! ભાંડુપ વિસ્તારમાં હોસ્પિટલ મોલના ત્રીજા માળે હતી

## મુંબઈમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકીઃ ૧૦ના મોત





મુંબઈ,

કોરોનાની સૌથી ભયંકર સ્થિતિનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રના મુંબઈમાં આગની એક ગોઝારી ઘટનાએ ૧૦ લોકોના જીવ લીધા છે. મુંબઈના ભાંડુપમાં કોરોના હોસ્પિટલમાં આગ ભભૂકી ઉઠતા ૧૦ દર્દીઓના કરૂણ મોત નિપજ્યા છે. મુંબઈના ભાંડુપ વિસ્તારમાં આવેલા ડ્રીમ મોલમાં ત્રીજા માળે આવેલી ખાનગી હોસ્પિટલમાં આગ લાગી હતી. ૧૨ કલાકથી આ આગ પર કાબુ મેળવી શકાયો નથી. કોવિડ હોસ્પિટલાં જ્યારે આગ લાગી તે સમયે હોસ્પિટલમાં ૭૦થી વધુ દર્દીઓ હતા. જેમાં મોટા ભાગના કોરોનાના દર્દીઓ હતા. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ મદદ માટે દોડી આવી હતી. ફાયર વિભાગ દ્વારા દર્દીઓને બચાવી લેવાની કામગીરી ચાલી રહી છે.


મુખ્યમંત્રી ઠાકરેએ મૃતકોના પરિજનો માટે ૫ લાખની સહાયની પણ જાહેરાત કરી અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની પણ તકેદારી રાખવાની વાત કરી. તેમણે કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે જે કોઈનો પણ દોષ હશે તેમને સજા કરવામાંઆવશે. હું છેલ્લા એક વર્ષથી કોરોનાની સામે લડી રહ્યો છું. જ્યારે રાજ્યમાં મહામારી ત્રાટકી ત્યારે ખૂબ જ ઓછા બેડ અને વેન્ટિલેટર્સ હતા પરંતુ અમે અમારી લડત ચાલુ રાખી અને હંગામી હોસ્પિટલ ઊભી કરી દીધી.

આગને લઈને મુંબઈના મેયરે કહ્યું હતું, કે હજુ સુધી આગ કયા કારણોસર લાગી તેની માહિતી પ્રાપ્ત થઈ નથી. મેં મોલમાં પહેલીવાર કોઈ હોસ્પિટલ જોઈ છે, જવાબદારો સામે સખ્ત પગલાં લેવામાં આવશે. આગ લાગવાના કારણે ૧૦ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. હોસ્પિટલના જે હિસ્સામાં આગ લાગી હતી ત્યાં ૧૨ કલાક બાદ પણ આગ પર કાબૂ મેળવી શકાયો નથી. ૨૦થી વધુ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો છે. આ હોસ્પિટલમાં કોરોના સંક્રમિતો સહિત ૭૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો હાલ ઘટના સ્થળ પર હાજર છે, સાથે સાથે પોલીસનો પણ કાફલો પહોંચ્યો છે. તેમજ હોસ્પિટલમાં રહેલા તમામ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

આગમાં ફસાયેલા ૯૦થી ૯૫ ટકા દર્દીઓને બચાવી લેવામાં આવ્યા છે તેમ છતાં મૃતકઆંક હજુ ઉંચો જઈ શકે છે. આગ લાગવાનું કારણ જાણવા તપાસના નિર્દેશ આપવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ હોસ્પિટલમાં ૭૬ દર્દીઓ દાખલ હતા જેમાંથી ૭૩ કોરોનાથી સંક્રમિત હતા. મુંબઈના મેયર કિશોરી પેડનેકરે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું નીરિક્ષણ કર્યું હતું અને મોલમાં આ પ્રકારને હોસ્પિટલ કાર્યરત હોવા અંગે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. મેયરના જણાવ્યા મુજબ તેમણે મોલમાં કોઈ હોસ્પિટલ ચાલતી હોય તેવું પ્રથમ વખત જોયું છે. તમામ જવાબદારો સામે પગલાં લેવામાં આવશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ પહેલા ગત વર્ષે ૨૭ નવેમ્બરના રોજ ગુજરાતનાં રાજકોટ જિલ્લામાં એક કોવિડ હોસ્પીટલમાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં પાંચ કોરોનાના દર્દીઓના મૃત્યુ થયા હતા. હોસ્પિટલમાં ૩૩ કોરોનાના દર્દીઓની સારવાર ચાલી રહી હતી. મશીનરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કારણ જણાવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગે તપાસના આદેશ આપ્યા હતા.

## ભૂમાફિયાઓ વિરુદ્ધ ૧૩૩ FIR દાખલઃ ૩૧૭ આરોપીઓ જેલના હવાલે



ગાંધીનગર,

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવાના મક્કમ નિર્ધાર સાથે અમે આગળ વધી રહ્યા છીએ. ગરીબ-મધ્યમ પરિવારો તથા ખેડૂતોની જમીન પચાવી પાડનારને નશ્યત કરવા માટે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ સામેનો કાયદો લાવ્યા છીએ જેનાથી લોકો ખૂબ જ આનંદીત છે. આજે વિધાનસભામાં જૂનાગઢ ખાતે ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબિશન) એકટ, ૨૦૨૦ હેઠળના કેસો ચલાવવા માટેની ખાસ કોર્ટની રચનાને લગતા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું હતું કે જૂનાગઢ જિલ્લામાં અત્યાર સુધીમાં લેન્ડ ગ્રેબીંગની ફરીયાદો સંદર્ભની ૫૭ અરજીઓ મળી છે.

સમગ્ર રાજ્યમાં કમિટીની ભલામણને આધારે ૧૩૩ એફ.આઈ.આર. થઈ છે. ૧૧૪ ચાર્જશીટ પણ દાખલ કરીને ૩૧૭ જેટલા ભુમાફિયાઓને જેલના હવાલે ધકેલી દેવાયા છે. સમગ્ર રાજ્યમાં ૧,૩૮૪ વીઘા જેટલી જમીન તેમના મુળ માલીકોને પરત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આવા ભૂમાફીયાઓ રાજ્યમાં અન્ય કોઈ ગુના ન કરે તે માટે રાજ્યની સ્ટેટ ક્રાઈમ બ્રાંચ દ્વારા જરૂરી ટ્રેક રેકર્ડ રાખવામાં આવે છે જેના પરિણામે આવા તત્વોને વધુમાં વધુ જેલમાં રાખી શકાય.

પ્રદિપ જાડેજાએ જણાવ્યું હતુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટીવંત આયોજન અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે રાજ્યમાં આજે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ગરીબ પરિવારોને મદદરૂપ થવા આ કાયદો બનાવ્યો છે જેના પરિણામે આજે રાજ્યભરમાંથી સરકારને આશિર્વાદ મળી રહ્યા છે અને રાજ્યમાં પ્રવર્તી રહેલ ઉત્તમ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિના કારણે આજે સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ૯૦ ટકા બેઠકો ભાજપના ફાળે આવી છે. એટલે પ્રજા સરકારની કામગીરીથી સંપૂર્ણ સંતુષ્ટ છે.

## કોરોના કહેર વચ્ચે આજે પ.બંગાળ અને આસામમાં પ્રથમ તબક્કાનું મતદાન



કોલકાત્તા/ગૌહાટી,

પશ્ચિમ બંગાળમાં ૨૭ માર્ચે પ્રથમ તબક્કા હેઠળ ૩૦ વિધાનસભા બેઠકો પર મતદાન થવાનું છે. પ્રથમ તબક્કાની આ ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થઈ ગયો હતો. ૩૦ વિધાનસભા બેઠકોમાં આદિવાસીઓની વધુ વસ્તી ધરાવતા પુરૂલિયા, પંકુરા, ઝાડગમ, પૂર્વ મિદનાપુર(ભાગ-૧) અને પશ્ચિમ મિદનાપુર(ભાગ-૧)નો સમાવેશ થાય છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ, ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા, સ્મૃતિ ઈરાની સહિતના સ્ટાર પ્રચારકોએ પ્રચાર કર્યો હતો.

આસામમાં પણ ૨૭ માર્ચે પ્રથમ તબક્કા હેઠળ ૪૭ વિધાનસભા બેઠકો પર મતદાન થવાનું છે. પ્રથમ તબક્કાની આ ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થઈ ગયો હતો. શનિવારે થનારા મતદાનમાં ૨૬૪ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે.

આસામના ચૂંટણી પ્રચારમાં સીટિઝનશીપ એમેન્ડમેન્ટ એકટ, ૨૦૧૯નો અમલનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. જે પી નડ્ડાએ સીએએનો અમલ કરવાનું નિવેદન આપ્યા પછી સમગ્ર રાજ્યમાં મોટા પ્રમાણમાં દેખાવો થયા હતાં. આ દેખાવોમાં રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠન એએએસયુએ પણ ભાગ લીધો હતો.

બીજી તરફ કોંગ્રેસે વચન આપ્યું છે કે જો તે સત્તામાં આવશે તો તે સીએએનો અમલ કરશે નહીં. ભાજપ આસામમાં આસામ ગણ પરિષદ(એજીપી) સાથે મળીને ચૂંટણી લડી રહ્યો છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ચૂંટણીના બે દિવસ અગાઉ એક આઈએએસ અને ચાર આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

## ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશેઃ પાલનપુર,બારડોલીમાં કિસાન સભા સંબોધશે



ન્યુ દિલ્હી,

ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશે. રાકેશ ટિકૈત ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવશે. સંયુક્ત કિસાન મોરચાની પ્રેસ કોન્ફરન્સ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈત ગુજરાત આવશે. રાકેશ ટિકૈત ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવશે. રાકેશ ટિકૈત ૪ અને ૫ એપ્રિલના રોજ ગુજરાતના પ્રવાસે છે જેમાં ટિકૈત ૪ એપ્રિલના અંબાજી દર્શન કરી પ્રવાસની શરૂઆત કરશે. રાકેશ ટિકૈત પાલનપુર ખાતે કિસાન સંમેલન યોજશે. ટિકૈત ઊંઝામાં ઉમિયા માતા મંદિરે પણ શિશ ઝુકાવશે અને ૫ એપ્રિલના ગાંધી આશ્રમની મુલાકાત લેશે. રાકેશ ટિકૈત ૫ એપ્રિલના કરમસદ સરદાર સ્મારકની પણ મુલાકાત લેશે અને બારડોલીમાં કિસાન સંમેલન પણ સંબોધશે.

## ખેડૂત આંદોલન : ઉપલેટામાં ચક્કાજામને પગલે ખેડૂત નેતાઓની અટકાયત



ઉપલેટા,

દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને લઈને કિસાન સભા દ્વારા સમર્થન આપવામાં આવ્યુ હતુ અને ઉપલેટાના બાવલા ચોક ખાતે ચક્કાજામનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત કિસાન સભા દ્વારા ચક્કાજામનો કાર્યક્રમ યોજાયો છે. દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને લઈને કિસાન સભા દ્વારા સમર્થન આપવામાં આવ્યુ હતુ અને ઉપલેટાના બાવલા ચોક ખાતે ચક્કાજામનો કાર્યક્રમ યોજાયો હતો.

ઉપલેટામાં ત્રણ કૃષિ કાળા કાયદાને લઈને આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ગુજરાત કિસાન સભાના પ્રમુખ અને કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસ દ્વારા કોરોના મહામારી લઈને જાહેરનામા ભંગ બદલ પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## નિકિતા હત્યાકાંડઃ બે નરાધમોને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી



ફરીદાબાદ,

ફરીદાબાદની ફાસ્ટ ટ્રેક ટ્રાયલ કોર્ટે આજે નિકિતા તોમર હત્યાકાંડના બંને દોષિતો તૌસીફ અને રેહાનને આજીવન કેદની સજા સંભળાવી છે. આની પહેલાં કોર્ટે બુધવારના રોજ તૌસીફ અને રેહાનને નિકિતાની હત્યાના દોષિત ગણાવ્યા હતા. જ્યારે કેસમાં એક આરોપી અઝહરૂદ્દીનને નિર્દોષ જાહેર કરી દાવેયો. અઝહરૂદ્દીને જ તૌસીફ અને રેહાનને એ પિસ્તોલ આપી હતી જેનાથી નિકિતાનું મર્ડર કરાયું.

ફાસ્ટ ટ્રેક કોર્ટના જજે બુધવારના રોજ ૧૨ મિનિટ સુધી પોતાનો ચુકાદો વાંચ્યો જેમાં તેમણે હત્યાના દોષિત દેશી પિસ્તોલ ઉપલબ્ધ કરાવનાર અઝહરૂદ્દીનને આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી દીધો. કોર્ટે તેને સીઆરપીસીની કલમ ૩૪૬ની અંતર્ગત બેલ બોન્ડ ભરવાનું કહ્યું. જો કે પ્રોસિક્યુશન પક્ષો હાઈકોર્ટના દરવાજા ખખડાવશે તો અઝહરૂદ્દીનને પણ કોર્ટમાં હાજર રહેવું પડશે. કોર્ટે તૌસીફને કલમ ૩૦૨, ૩૬૬, ૫૧૧, ૩૪, ૧૨૦બી અને આર્મ્સ એકટની અંતર્ગત દોષિત ગણાવ્યા. સાથો સાથ રેહાનને પણ આર્મ્સ એકટ સિવાય આ તમામ કેસમાં દોષિત ગણાવ્યા.

ઑક્ટોબર ૨૦૨૦ના રોજ જ્યારે ૨૧ વર્ષની બીકોમ ફાઈનલ યરમાં અભ્યાસ કરતી નિકિતા તોમરને સરેઆમ ગોળી મારી દીધી હતી. નિકિતા એ દિવસે પરીક્ષા આપવા માટે કોલેજ ગઈ હતી. ત્યારે તૌસીફ અને રેહાન તેની પાછલ પડ્યા હતા. નિકિતાના પરિવારજનોનું માનીએ તો તૌસીફ છેલ્લાં ઘણા સમયથી નિકિતા સાથે જબરદસ્તી મિત્રતા કરવા માંગતો હતો. તેમનું કહેવું છે કે નિકિતાના લાખ મનાવા છતાંય તૌસીફ સતત નિકિતા પર ધર્મ પરિવર્તન કરવા અને લગ્ન કરવાનું દબાણ કરતો હતો.

હરિયાણાના પોલીસ કમિશનરે માહિતી આપી હતી કે નિકિતાના પરિવારે ૨૦૧૮ની સાલમાં તૌસીફની વિરૂદ્ધ કિડનેપિંગનો કેસ નોંધાવ્યો હતો. બાદમાં તૌસીફના પરિવારવાળોએ આજીજી કરાતં નિકિતાએ આ કેસ પાછો ખેંચી લીધો. આ અંગે નિકિતાના પિતાએ ત્યારે કહ્યું હતું જ્યારે તૌસીફના સંબંધ રાજકીય ધાક ધરાવતા પરિવાર સાથે હતા. નિકિતાના પિતાએ કહ્યું કે તૌસીફ નિકિતા પર ધર્મ પરિવર્તનનું સતત દબાણ બનાવી રહ્યો હતો.

ફરીદાબાદના બલ્લગગઢમાં કોલેજની બહાર ધોળાદિવસે નિકિતાની હત્યાથી આખા દેશમાં સનસનાટી મચી ગઈ હતી. હત્યા કરતાં પહેલાં બદમાશો નિકિતાને કિડનેપ કરવા માંગતા હતા પરંતુ અસફ રહેતા તેને ગોળી મારી દીધી. પછી તૌસીફ અને રેહાન કારમાં સવાર થઈ ભાગી ગયા. નિકિતાને હોસ્પિટલ લઈ જવાઈ પરંતુ ત્યાં સુધીમાં તો તેનું મોત થઈ ગયું હતું. નિકિતાની સાથે જોર-જબરદસ્તી અને પછી તેને ગોળી મારવાની પૂરી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી આથી પોલીસથી લઈ કોર્ટ સુધીના દોષિતોની ઓળખ કરવામાં ભરપૂર મદદ મળી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી નાડાતોડ દૂ. ઉ.મ.લી. નાડાતોડ
મુ. તડવી ફળીયું-નાડાતોડ, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી નાડાતોડ દૂ. ઉ.મ.લી. બામરોલી
મુ. નિશાળ ફળીયું-નાડાતોડ, તા. દે.બારીઆ

**FORM-1**
**Form Of Declaration**

I Karan Ajaykumar Panchal declare that I am the *printer or *publisher or *printer and publisher of the newspaper entitled PANCHMAHAL SAMACHAR to be *printed at panchmahal press godhra and *published at GODHRA or to be * printed and published at GODHRA and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

1. Title of the news paper. : Panchmahal Samachar
2. Language (S) in which it is (to be ), published. : Gujarati
3. Periodicity of is publication : Daily
5. Publisher s name : Karan Ajaykumar panchal
6. Nationliy : Indian
7. Press of publication : Bandibar no khancho Tank Road Godhra.
9. Editiors Name : Karan Ajaykumar panchal
10. Owners Name : Karan Ajaykumar panchal

For
Panchmahal Samachar

તા.૨૭/૦૩/૨૦૨૧
શનિવાર

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## તા.૧લી એપ્રિલથી ૪૫ વર્ષના તમામને કોરોનાની રસી આપવામાં આવશે

લુણાવાડા,
હાલ સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે અને મહીસાગર જિલ્લામાં પણ કોરોનાનું સંક્રમણ વધવા પામ્યું છે. કોવિડ ૧૯ના સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા અને બચાવ કામગીરી અંતર્ગત રોગપ્રતિકારક રસીકરણ અભિયાન સમગ્ર મહીસાગર જિલ્લામાં હાલ ૬૦ વર્ષથી વધુ વયજુથ ધરાવતાં નાગરિકોને તેમજ ૪૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીની વયજુથનાં કો-મોર્બિડીટી ધરાવતાં નાગરિકોને કોરોનાની વેકસીન આપવાની ઝુંબેશ ચાલી રહી છે.

આગામી તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧ થી સરકારની માર્ગદર્શિકા અનુસાર ૪૫ થી વધુ વયના તમામ નાગરિકોને કોરોનાની રસી આપવામાં આવશે. મહીસાગર જિલ્લાનાં તમામ કોવિડ-૧૯ રસીકરણ કેન્દ્રો ખાતે સ્થળ ઉપર જ નોંધણી કરાવી રસીકરણનો લાભ આપવામાં આવશે. વધુમાં હાલ કોવિડ-૧૯ રસીકરણમાં દિવ્યાંગ ગૃહ, ભિક્ષુક ગૃહ, વૃધ્ધાશ્રમ જેવી સંસ્થામાં રહેતાં નાગરિકો ઓળખનાં પુરાવા વિના કોરોના રસીકરણનો લાભ લઈ શકશે.

આ કામગીરીને ઝડપી અને અસરકારક બનાવવા માટે તમામ કક્ષાએથી પૂર્ણ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. રસીકરણ કામગીરીને વધુ વેગવાન બનાવવા માટે વધુમાં વધુ વેક્સિનના લાભાર્થી આવરી લેવા માટે સરકાર તરફથી કોવિડ-૧૯ વેક્સિનેશનની ગાઈડલાઈન મુજબની પાત્રતા ધરાવતાં હોય તેમજ વધુ વસતિ ધરાવતાં પેટા આરોગ્ય કેન્દ્રો/હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે હવેથી કોવિડ-૧૯ વેકસિનેશન કામગીરી શરૂ કરવામાં આવશે.

કોરોના વાયરસની મહામારીનાં સંક્રમણને અટકાવવા મહીસાગર જિલ્લામાં ટેસ્ટીંગ, સ્ક્રીનિંગ તથા ટ્રેસીંગની કામગીરી પણ કરવામાં આવનાર છે. સાથે-સાથે સર્વેલન્સ, ધન્વંતરી રથ તેમજ પ્રચાર પ્રસારની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે.

મહીસાગર જિલ્લાનાં નાગરિકોને આગમચેતીના પગલાંરૂપે કોરોના સંક્રમણ રોકવા વહીવટીતંત્રને સાથ સહકાર આપવા તથા વેકસીનનાં લાભાર્થીઓને વધુમાં વધુ વેક્સિનનો લાભ લેવા તેમજ રસી લીધા પછી પણ માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ અને વારંવાર હાથ ધોવા સહિતની તકેદારી રાખવા મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કાલોલનાં કાતોલ પાટીયા પાસે માતા-પુત્રીને ટક્કર મારી ટેમ્પો સ્થળ પર છોડી ચાલક ફરાર

કાલોલ,
કાલોલનાં કાતોલ પાટીયા પાસે માતા-પુત્રીને ટક્કર મારી ટેમ્પો સ્થળ પર છોડી ચાલક ફરાર થઈ જતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કાલોલ તાલુકાના કાતોલ પાટીયા પાસે કાતોલ ગામની મહીલા કમલાવતીદેવી કમલેશભાઈ યાદવ પોતાની છોકરી સાથે શાકભાજી લઇ પરત પોતાના ઘરે કાતોલ ચાલીને જતાં હતા. આ અરસામાં કાતોલ પાટીયા પાસે રસ્તો ક્રોસ કરતા હાલોલ તરફથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવતાં ચાલકના ટેમ્પાની ટક્કર લાગતાં અકસ્માત સર્જાયો હતો.જેમાં કમલાદેવી ને ડાબા પગે સાથળના ભાગે ઈજા પહોંચી તેમજ કમલાદેવીની છોકરી ને ડાબા હાથની કોણી એ ઈજા થઈ હતી. ટેમ્પા ચાલકે ટેમ્પો સ્થળ પર છોડી નાશી છુટયો હતો. બનાવની જાણ રોડ પરથી પસાર થતાં રાહદારીએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ મારફતે કાલોલ સરકારી દવાખાના મા પ્રાથમિક સારવાર કરાવી ત્યારબાદ વધુ સારવાર માટે એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા ખાતે રિફર કરેલ જે અંગેની ફરિયાદ કાલોલ પોલીસ મથકે શુકવારના રોજ નોંધાવતા પોલીસે ટેમ્પા નંબર આધારે ચાલક સામે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

## મહીસાગરમાં આજે ૨૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૨૯૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.


મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના-૦૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની-૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી અને ૧૦ પુરૂષ તથા સંતરામપુર તાલુકાની-૦૧ સ્ત્રી અને ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૬-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં કેસ ૨૨૯૩ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી કડાણા તાલુકાના-૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૧ સ્ત્રી અને ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૨૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૮ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૭ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૪૪૦૬૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં વોર્ડ-૩ ના રહીશો ગટરની સફાઈ ના થતાં ચીફ ઓફિસરને રજૂઆત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરના પરતાપૂરા વિસ્તારમાં વોર્ડ નંબર-૩ માં છેલ્લા ઘણા સમયથી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવેલી હતી, પરંતુ આ ગટર મા ની કેટલાક સ્થાનિક રહીશોએ કચરો નાખીને બૂરી દેવામાં આવેલી હતી. આના કારણે ગટરો ચોકઅપ થઈ જતી હોય છે અને દુષિત અને ગંદુ પાણી ઉભરાતા મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે. સ્થાનિક રહીશોએ નગરપાલિકાના જવાબદા ચીફ ઓફિસરની લેખિતમાં રજૂઆત કરી હતી. ગટર પુરી દેવાના કારણે પાણીનો નિકાલ થતો જ નથી, આવી કોરોનાની મહામારી દફભવય ચાલો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. ઘણા સમયથી આ ગટર બનાવ્યા પછી નગરપાલિકા દ્વારા આજ દિન સુધી તેની સફાઈ કે મરામત કરવામાં આવેલ નથી. ગટર લાઇન પૂરી દેવાના કારણે ઉભરાતી ગટરો લોકો માટે જોખમ અને ખતરનાક સાબિત થઈ રહ્યું છે. ગંભીર બીમારીનો પ્રશ્નો ઉભો થયેલો છે. વહેલી તકે પ્રતાપપુરા વિસ્તારની ગટર ખુલ્લી કરાવીને તેની સફાઈ કરવામાં આવે સ્થાનિક રહીશોને જાગૃત નાગરિક રમેશભાઈ માળી અંકિતભાઈ માળી સંખ્યાબંધ રહીશોએ નગરપાલિકામાં લેખિત રજૂઆત કરી હતી. જો વહેલી તકે આનું નિરાકરણ નહી લાવવામાં આવે તો ઉચ્ચ કક્ષા સુધી રજૂઆત કરવાની ચીમકી આપેલી હતી.

## સંતરામપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં મટીરીયલ્સ દ્વારા મટર પુરૂ ના પાડતા વિકાસના કામો અટવાયા

સંતરામપુર,
સંતરામપુર તાલુકા પંચાયતમાં સંતરામપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં માલ મટીરીયલ સિમેન્ટ રેતી કપચી તમામ વસ્તુઓ પંચાયતોની પૂરી પાડવાની હોય છે, પરંતુ કેટલાક સમયથી આ સાધન સામગ્રી અને માલ મટેરિયલ પૂરૂ ના પડવાના કારણે લાભાર્થીઓના અને ગ્રામ પંચાયત વિકાસના કામો સરકારી યોજનાના શૌચાલય, આંગણવાડી પ્રધાનમંત્રી આવાસ યોજના રોડ રસ્તાઓ તમામ સરકારી તમામ યોજનાની કામગીરી અત્યારે પૂર્ણ થયેલ નથી. ૩૧ માર્ચ હિસાબી મહિનો પૂરો હોવા છતાંય અત્યાર સુધીમાં અધૂરા કામો અને અને કેટલીક ગ્રામ પંચાયતોમ મટીરીયલ ન હોવાના કારણે ગ્રામ પંચાયતોની વિકાસના કામો અધૂરાં જોડાયેલા છીએ કયા કારણસર મટેરિયલ પરૂ પાડવામાં આવતું નથી અને કેમ કામો થતાં નથી જિલ્લા વહીવટીતંત્ર અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ થવી જોઈએ અને આ અંગે મટરીયલ ના પુરૂ પાડવાનો ગ્રામ પંચાયત સરપંચ દ્વારા ચર્ચાનો વિષય બન્યો હતો.

## કોરોના સામે હજુ સુધીની લડાઇ અસરકારક રહી છે, પરંતુ કોરોનાનો ખતરો હજુ ટળ્યો નથી વેકસિન આવી ગઇ છે પરંતુ સાવધાની અતિ જરૂરી

લુણાવાડા,
સમગ્ર વિશ્વમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડાઈને એક વર્ષનો ગાળો પૂર્ણ થઈ ચૂકયો છે. છેલ્લા એક વર્ષના ગાળામાં આપણે લોકડાઉન સહિત અનેક પ્રકારની અભૂતપૂર્વ સ્થિતિનો સામનો કરી ચૂકયા છીએ.

હજુ પણ ઘણા લોકો જાણે કે વેકસિન આવી ગઈ છે એટલે કોરોના ગયો એમ માનીને બિનદાસ ફરતાં રહે છે. પણ હજુ કોરોનાનો ખતરો ટળ્યો નથી. વેકસિન આવી ગઈ છે, પરંતુ સાવધાની અતિ જરૂરી છે. આજે વિશ્વ પણ તેની સામે પૂરી તાકાતથી લડી અને ઝઝૂમી રહ્યું છે. આપણી જરાશી લાપરવાહી આપણને મોટા જોખમમાં મૂકી શકે છે. માટે આપણે હજુ એક વાત ચોકકસ સમજી અને જાણી લેવાની જરૂર છે કે, હજુ કોરોનો ગયો નથી. ગુજરાત સરકાર તથા આરોગ્ય વિભાગ અને સમગ્રતયા તંત્ર કામ કરી રહ્યું છે.. સારામાં સારી સારવાર દરેકને મળે અને મૂલ્યવાન જીવન બચાવવા દિવસ રાત પરિશ્રમ કરી રહ્યા છે ત્યારે આપણે સૌએ અને જે લોકો સંક્રમિત નથી થયા તે તમામે એક બાબત સારી રીતે સમજી લેવી જોઈએ કે આપણે આરોગ્યની ગાઈડલાઈનનું અચૂક પાલન કરવું જ રહ્યું. મહીસાગર જિલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર-આરોગ્ય તંત્રની ટીમ, ડોકટર્સ, મેડિકલ અને નોનમેડિકલ સ્ટાફ, પોલીસ વિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કર્મચારીઓ, જરૂરી સેવાઓ આપનાર કર્મીઓ આ તમામ દેશના સૈનિકોની માફક આપણી સુરક્ષા માટે પોતાનો જીવ જોખમમાં મૂકીને તેમની જવાબદારીઓ અદા કરી રહ્યા છે. ત્યારે તે તમામની સેવાઓને બિરદાવવી એ આપણી જવાબદારી અને ફરજ પણ છે. ત્યારે જિલ્લા કલેકટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને પુનઃ હાર્દિક અપીલ કરી છે કે, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગ એજ આપણી વેકસિન સૂત્રને અપનાવી જાતે સુરક્ષિત રહી બીજાને પણ સુરક્ષિત રાખીએ અને જરૂરી સુચનાઓનું પાલન કરી કોરોનાના હરાવી તંદુરસ્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી થઈએ.

### આજનું પંચાંગ


વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૭-૦૩-૨૦૨૧, શનિવાર, ફાગણ સુદ-૧૪, સૂર્યોદય-૬-૧૭, સૂર્યાસ્ત-૬-૩૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ પૂર્વ ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજાર કેસ, ૨૫૭ લોકોના મોત
## ભારતમાં સૌથી ઝડપી ૫ જ દિવસમાં એક્ટિવ કેસનો આંકડો ૩થી ૪ લાખ થયો




ન્યુ દિલ્હી,
કોરોના વાયરસની ભારતમાં એન્ટ્રીને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે પરંતુ હજુ તેનો પ્રકોપ ઘટ્યો હોય તેવું લાગતું નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૯ હજારથી વધુ દર્દીઓ નોંધાયા છે જે ખરેખર ચિંતાજનક વાત છે. છેલ્લા પાંચ મહિનામાં દેશમાં એક દિવસમાં સૌથી વધુ નોંધાયેલા કેસનો આંકડો છે. આ સાથે જ એકવાર ફરીથી દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા પણ ચાર લાખને પાર ગઈ છે. દેશમાં પાંચ જ દિવસમાં એક્ટિવ કેસની સંખ્યા એક લાખને પાર ગઈ. સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. આ ઉપરાંત ગુજરાત,પંજાબ સહિત અનેક રાજ્યોમાં કોરોના વકરી રહ્યો છે. રાજ્યો અને કેન્દ્ર સરકાર પોત પોતાના સ્તરે કોરોનાને કાબૂમાં લેવા માટે જરૂરી પગલાં લઈ રહી છે. ૨૯ માર્ચે હોળી છે જેને લઈને લગભગ મોટા ભાગના રાજ્ય સરકારોએ હોળીના જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૫૯,૧૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૧૮,૪૬,૬૫૨ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૬૪,૬૩૭ લોકો સાજા થઈ ગયા છે જ્યારે ૪,૨૧,૦૬૬ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૫૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૯૪૯ પર પહોંચી ગયો છે. પૂરપાટ ઝડપે ચાલતા રસીકરણ હેઠળ અત્યાર સુધીમાં ૫,૫૫,૦૪,૪૪૦ લોકોને રસી આપવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણ ખુબ વધી રહ્યું છે. જ્યારે પંજાબ, કેરળ, કર્ણાટક, ગુજરાત અને છત્તીસગઢમાં પણ કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે. આ છ રાજ્યોમાંથી ૮૧ ટકા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં પણ કોરોના વધી રહ્યો છે. આ રાજ્યોમાં જો હોળી સમયે ધ્યાન ન રખાયું તો કોરોનાનો પ્રકોપ વધી શકે છે.

૨૮ દિવસના સમયમાં પાછલા વર્ષે મૃત્યુઆંક ૪૦૦થી ૬૦૩ પર પહોંચ્યો હતો. જોકે, આ વખતે તે મંગળવારે વધીને ૨૭૬ પર પહોંચ્યો હતો. જોકે, કેસમાં જે રીતે માર્ચમાં ઉછાળો આવ્યો છે તેની સાથે મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાયો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૫,૯૫૨ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કેસનો આંકડો ૨૬,૦૦,૮૩૩ પર પહોંચી ગયો છે. જેમાંથી ૨૨,૮૩,૦૩૭ લોકો ડિસ્ચાર્જ થયા છે. જ્યારે ૨,૬૨,૬૮૫ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક દિવસમાં ૧૧૧ લોકોના કોરોનાથી મોત થયા છે. રાજ્યમાં કોરોનાથી મોતનો આંકડો ૫૩,૭૯૫ પર પહોંચી ગયો છે. મુંબઈની વાત કરીએ તો મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૦૪ નવા દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ દિવસની વાત કરીએ તો કોરોનાના કેસ જબરદસ્ત રોકેટ સ્પીડે વધ્યા છે.

## વડાપ્રધાને ઢાકાના રાષ્ટ્રીય શહીદ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી
## બાંગ્લાદેશની આઝાદી માટે હું પણ જેલમાં ગયો હતોઃ મોદી



ઢાકા,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પ્રવાસ પર બાંગ્લાદેશ પહોંચ્યા છે અહીં તેમણે ઢાકાના નેશનલ પરેડ સ્કવેયરમાં યોજાયેલા નેશનલ ડે પ્રોગ્રામમાં ભાગ લીધો છે. તેમની સાથે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના પણ ઉપસ્થિત રહ્યા છે. કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વર્ષે ભારત-બાંગ્લાદેશ મિત્રતાના ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે.

તેમણે કહ્યું કે હું યુવા હતો અને ત્યારે બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ સાથે જોડાયેલ એક આંદોલનનો ભાગ બન્યો હતો. આ માટે જેલ પણ ગયો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશની આઝાદી માટેની તડપ ભારતમાં પણ હતી. પાકિસ્તાનની સેનાએ જે અત્યાચાર કર્યા તે તસવીર વિચલિત કરનારી હતી. જેણે ઘણા દિવસો સુધી ઉંઘવા દીધા ન હતા.


વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ અબ્દુલ હામિદ જી, પ્રધાનમંત્રી શેખ હસીના અને બાંગ્લાદેશના લોકોનો આભાર વ્યક્ત કરું છું. તમે આ સમારોહમાં આવવા માટે ભારતને આમંત્રણ આપ્યું છે. બંગબંધુએ બાંગ્લાદેશ અને અહીંના લોકો માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દીધુ. ભારતીયો માટે ગૌરવની વાત એ છે કે તેમને ગાંધી શાંતિ સન્માન આપવાની આ તક મળી છે.

વડાપ્રધાન મોદીએ રહ્યું કે હું આજે યાદ કરી રહ્યો છું કે બાંગ્લાદેશના જે લાખો દિકરા-દિકરીઓને જેમને પોતાના દેશ, ભાષા તથા સંસ્કૃતિ માટે અસંખ્ય અત્યાચાર સહન કર્યા. બલિદાન આપ્યા. પોતાનું જીવન દાવ પર લગાવી દીધું. બાંગ્લાદેશની સ્વતંત્રતાના સંઘર્ષમાં સામેલ થવું તે મારા જીવનના પહેલા આંદોલનો પૈકી એક હતું. તે સમયે મારી ઉંમર ૨૦-૨૨ વર્ષ હશે. પાકિસ્તાનની સેનાએ અહીં લોકો પર અત્યાચાર કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોઈપણ તાકાત બાંગ્લાદેશને ગુલામ બનાવી શકે નહીં. તેમણે કહ્યું કે, જે લોકોને બાંગ્લાદેશના અસ્તિત્વ પર શંકા હતી. બાંગ્લાદેશના લોકોએ તેમને ખોટા સાબિત કર્યા છે. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીમાં ઈન્દિરા ગાંધીનું યોગદાન સર્વવિદિત છે. પીએમ મોદીએ કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીની લડતને ભારતનું સમર્થન પ્રાપ્ત હતું.

હું ભારતીય સેનાના વીર જવાનોને પણ યાદ કરું છું કે જેઓ મુક્તિ યુદ્ધમાં બાંગ્લાદેશના લોકો સાથે ઉભા રહ્યા હતા. તેમણે આઝાદ બાંગ્લાદેશના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. માનેક શા, જનરલ જૈકબ, અલ્બર્ટ એક્કા જેવા અનેક વીર હતા જેમની સાહસની કથાઓ આપણને પ્રેરણા આપે છે.

### બેસણું


ખુશાલભાઈ રયજીભાઈ વાઘેલા
જ.તા.૦૫/૦૭/૧૯૪૪
સ્વ.તા.૨૪/૦૩/૨૦૨૧

સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ખુશાલભાઈ રયજીભાઈ વાઘેલા તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગત દિવ્યઆત્માને પ્રભુશાંતિ આપે એજ પ્રાર્થના.....

બેસણું તા.૨૭/૦૩/૨૦૨૧.
ગામ : વેજલપુર, તા.કાલોલ, જી.પંચમહાલ

લી. ભરતભાઈ ખુશાલભાઈ વાઘેલા
મહેશભાઈ ખુશાલભાઈ વાઘેલા

### દૈનિક રાશીફળ

તા.૨૭.૦૩.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.):-આર્થિક પ્રશ્નો હલ કરવામાં કોઈ મિત્રનો સહકાર મલે. નકામા ખર્ચાઓ ઉપર કાબુ રાખવો.
વૃષભ(બ.વ.ઉ.):-મનોવૃત્તિ ઉપર કાબુ રાખજો. બીજાને મદદ કરવાની ભાવના કેળવજો - વિદેશથી લાભ મલવાનો.
મિથુન(ક.છ.ઘ.):-લાંબાગાળાની ઈચ્છા ફળવાની છે. નવી તક મલવાની સામાજીક કાર્યોમાં સફળતા રહેશે.
કર્ક(ડ.હ.):-સાંજ પછીનો સમય વધુ અનુકુળતા સુચવે છે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ સહકાર મલવાનો.
સિંહ(મ.ટ.):-હોદ્દાને લઈને લોકો તમોને આવકાર આવશે. આધ્યાત્મિક બાબતોમાં વધુ રસ રહેવાનો છે.
કન્યા(પ.ઠ.ણ.):-મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્સન રહે. મહત્વના નિર્ણયો બાબત સાવધાની રાખવી જરૂરી રહે.
તુલા(ર.ત.):-સ્વતંત્ર બીઝનેશની ઈચ્છા ફળવાની વિચારોરમાં ધીરજ કેળવવાથી સફળતા રહે. વિદેશથી સારો લાભ રહેવાનો.
વૃશ્ચિક(ન.ય.):-પ્રલોભનોથી દૂર રહેજો પરિવારના સભ્યોનો સહકાર મેળવવો જરૂરી રહે. મિલ્કતના પ્રશ્નોથી જાળવવું.
ધન(ભ.ધ.ફ.ઢ.):-કલાક્ષેત્રે આજનો દિવસ અનુકુળતા વાળો રહેશે નોકરીમાં લાભ મલવાનો રાજીકય લાભ મેળવશો.
મકર(ખ.જ.):-જરૂરીયાત ઘટાડવાની જરૂરત ઉપર ધ્યાન દેજો નોકરી વ્યવસાયમાં અનુકુળતા રહે.-મિલ્કતથી લાભ.
કુંભ(ગ.શ.સ.):-ગુસ્સાને લઈને સ્વાસ્થ્ય ન બગડે તેનું ધ્યાન રાખવું નોકરીમાં સફળતા પ્રવાસમાં અનુકુળતા.
મીન(દ.ચ.ઝ.):-આર્થિક સધ્ધરતા માટેના પ્રયત્નો ફળવાના સગાઈના કાર્યમાં સફળતા રહે. કાનૂની પ્રશ્નોથી જાળવવું.

# ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર રાજકુમાર બેનીવાલ દાહોદ જિલ્લાની મુલાકાતે

દાહોદ,

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના મેનેજીગ ડિરેકટર અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનના એડીશનલ ચીફ એકઝયુકયુટીવ ઓફીસર રાજકુમાર બેનીવાલે આજે દાહોદ જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે જિલ્લામાં કોરોનાની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી અને દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત થઇ રહેલી કામગીરીની પણ અન્ય એક બેઠકમાં સમીક્ષા કરી હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઓફીસર બેનીવાલે દાહોદ જિલ્લામાં કોરોનાની સ્થિતિ વિશે ચર્ચા સમીક્ષા કરી હતી. કલેક્ટર વિજય ખરાડીએ જિલ્લામાં કોરોનાના કેસો, કોવીડ કેર સેન્ટર, લોજીસ્ટીક્સ તેમજ કોવીડ કેર સેન્ટર સહિત કોરોના બાબતે કરવામાં આવી રહેલી કામગીરી વિશે માહિતી આપી હતી. બેનીવાલે તાલુકા પ્રમાણે પણ કોરોનાની સ્થિતિ વિશે પૃચ્છા કરી હતી અને જિલ્લામાં વધી રહેલા કેસો વિશેના આયોજન વિશે ચર્ચા કરી હતી. તેમણે તાલુકા સ્તરે પણ કોવીડ કેર સેન્ટર શરૂ કરવા જણાવ્યું હતું. આ સેન્ટર પર ઓક્સિજન સહિતની તમામ પાયાની સુવિધાઓ પૂરી પાડવા પણ તેમણે જણાવ્યું હતું. તેમણે જિલ્લામાં જયાં વધુ કેસ નોંધાઇ રહ્યાં હોય ત્યાં સર્વેલન્સ સહિતની કામગીરી બમણી કરવા જણાવ્યું હતું. તેમણે સ્થાનિક સ્તરે પણ કોરોના ટેસ્ટ કરવા અલાયદી વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતું.

જિલ્લામાં કોરોનાના કેસોને નિયંત્રિત રાખવા માટે કેટલીક બાબતોનું ચુસ્ત પાલન થાય તે ખૂબ જરૂરી છે. જેમ કે જાહેર સ્થળોએ સામાજિક અંતર જાળવવું, માસ્ક ફરજીયાત પહેરવામાં આવે તેમજ સામાજિક પ્રશંસો કે મેળાવડા ન થાય તેની તકેદારી રાખવી ખૂબ જરૂરી છે. લોકો માસ્ક સ્વયંભૂ પહેરે તેમજ કોરોનાના નિયમોનું પાલન કરે તે માટે માસ્ક વિતરણ સહિતના જાગૃકતા કાર્યક્રમ યોજવા જોઇએ.

આરોગ્ય અધિકારી ડો. આર. ડી. પહાડીયાએ જિલ્લામાં ૩૦ ધન્વંતરિ રથો ફરીથી શરૂ કરવામાં આવ્યા છે અને રોજેરોજની ઓપીડી વિશે માહિતી આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ત્યાર બાદ દાહોદ સ્માર્ટ સિટી બોર્ડની રિવ્યું બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં ઓફીસર બેનીવાલે આઇસીસીસી–આઇટી તેમજ બિલ્ડીંગ, છાબ તળાવ પ્રોજેક્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ સહિતના વિવિધ પ્રોજેકટોની કામગીરી વિશે માહિતી મેળવી હતી. તેમણે જણાવ્યું કે, સ્માર્ટ સીટીના કામમાં આપણું રેન્કિંગ હજું ઊંચું લાવવું જોઇએ. દેશમાં ચાલી રહેલા સ્માર્ટ સીટી પ્રોજેક્ટની પ્રધાનમંત્રી સીધી જ દેખરેખ રાખે છે અને દર ત્રણ મહિને આ બાબતે બેઠક યોજી માહિતી મેળવે છે. દાહોદ નગરમાં સ્માર્ટ સિટીના કામો ઝડપથી પૂરા કરવા તેમણે સૂચન કર્યું હતું અને આ બાબતે નગરપાલિકાનો પણ સહયોગ લેવા જણાવ્યું હતું.

આ બેઠકમાં નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલે પણ પોતાના સૂચનો રજૂ કર્યા હતા અને આ કામગીરીમાં સહયોગ આપવા જણાવ્યું હતું. બેઠકમાં અગ્રણી સુધીરભાઇ લાલપુરવાલા, સયુકતાબેન તેમજ દાહોદ સ્માર્ટ સીટી બોર્ડના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# આંગણવાડીના દરેક બાળક સુધી પહોંચે છે સુખડીનો પૂરક આહાર, માધ્યમોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારોને રદિયો આપતા જિલ્લા પ્રોગામ ઓફિસર

દાહોદ,

આઇસીડીએસ વિભાગના પ્રોગામ ઓફિસર એ જણાવ્યું છે કે, દાહોદ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં પ્રતિદિન બાળક દીઠ રૂ. ૫.૧૦/– ની મર્યાદામાં દર માસે અંદાજીત ૧,૪૩,૬૮૬ બાળકો દીઠ સુખડી બનાવી ઘરે ઘરે વિતરણ કરવામાં આવે છે. જે અંતર્ગત કોરાનાની મહામારીમાં આંગણવાડી કેન્દ્રોમાં સરકાર દવારા ફાળવવામાં આવતા અંદાજીત માસિક ઘઉં ના ૨,૦૩,૫૫૦ કી,ગ્રા., તેમજ સિંગતેલ ના ૫૬,૨૩૫ કી.ગ્રા. જથ્થામાંથી તેમજ રૂા. ૫.૧૦ માંથી ગોળ, ચણાનો લોટ તથા સીંગદાણા ખરીદી કરવા આંગણવાડી કેન્દ્રોના સંસ્થાકીય ખાતામાં એડવાન્સ રકમની ફાળવણી કરવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી આંગણવાડી કાર્યકર, તેડાગરે સુખડી બનાવી બાળકોને ઘરે ઘરે વિતરણ કરવાની હોય છે. આ સુખડી પોષણયુકત હોઇ કોરાના મહામારીમાં બાળકો જરૂરી પોષણ મળી રહે તે માટે ગુજરાત સરકારે હાલ જયાં સુધી બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં બોલાવવાના ન થાય ત્યાં સુધી ગરમ નાસ્તાની અવેજીમાં સુખડી વિતરણ કરવા જણાવ્યું છે. આ ફાળવેલ ગ્રાન્ટ વર્ષના અંતે સરભર કરવાની રહે છે. આ સંદર્ભે ગત તા. ૨૫ ના રોજ માધ્યમોમાં પ્રસારિત થયેલા સમાચાર વિશે સપષ્ટતા કરતા જિલ્લા પ્રોગામ ઓફિસરએ જણાવ્યું છે કે, સમાચારમાં સુખડી અને બીલોના ચુકવણાંની અસમાનતા બતાવવામાં આવી છે. જેમાં મુખ્ય સેવિકા અને કલાર્કનો સુખડી બનાવામાં અને વિતરણ કરવામાં કોઈ જ હસ્તક્ષેપ રહેતો નથી. આમ જે પ્રસિધ્ધ થયેલા સમાચાર સત્યથી તદ્દન વેગળા છે.

જીલ્લામાં કોઈપણ આંગણવાડી કેન્દ્રો પર સુખડીનું વિતરણ ના થતું હોય કે આઇસીડીએસની સેવાઓનો લાભ મળવામાં વિલંબ થતો હોય તો સંબધિત ગ્રામજનોએ જિલ્લા કક્ષાએ ૦૨૬૭૩–૨૩૯૧૭૯ પર ફોન કરી ફરિયાદ નોધાવી શકે છે તેમ પ્રોગામ ઓફિસરએ યાદીમાં જણાવ્યું છે.

# હોળી

હોલિકોત્સવ પ્રદેશને અનુસરીને ફાગણ માસની પૂર્ણિમાથી પાંચમ સુધી પાંચ–છ દિવસોમાં, ક્યાંક બે દિવસ, તો ક્યાંક પાંચેય દિવસ હોળી ઊજવવામાં આવે છે. વિષ્ણુ તત્ત્વને પ્રગટ કરવા માટે, સ્વપનદૃષ્ટાંત દ્વારા મળેલી પ્રેરણાથી ઋષિમુનિઓ દ્વારા સૌથી પહેલા ત્રેતાયુગમાં કરવામાં આવેલો મહાયજ્ઞ એટલે હોળી.આ વર્ષે હોલિકા દહન ફાગણ સુદ ચૌદસ/ફાગણ પૂર્ણિમા, ધુળેટી–ધુલિવંદન ફાગણ વદ પક્ષ ૧ તેમજ રંગપંચમી ફાગણ વદ પક્ષ પાંચમના દિવસે છે. આ નિમિત્તે પ્રસ્તુત કરી રહ્યા છીએ, હોળી વિશેની શાસ્ત્રીય માહિતી.



**-: હોળી ઊજવવાની શાસ્ત્રોક્ત પદ્ધતિ :-**

કોઈ દેવાલયની સામે અથવા સુવિધાજનક સ્થાન પર સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. વચ્ચે એરંડ, તાડ, સોપારી અથવા તો શેરડીનો સાંઠો ઊભો કરવામાં આવે છે. તેની ચારેતરફ છાણાં અને લાકડાની રચના કરવામાં આવે છે. પહેલાં તો યજમાને શુચિભૂત થઈને, દેશકાળનું ઉચ્ચારણ કરીને સંકલ્પ કરવો. ત્યાર પછી હોલિકાયૈ નમઃ મંત્ર બોલતા બોલતા હોળી પ્રગટાવવી. હોળી પ્રગટે એટલે તેની ફરતે પ્રદક્ષિણા કરવી અને ડાબા હાથે શંખધ્વનિ કરવો. હોળી સંપૂર્ણ પ્રગટ થઈ ગયા પછી દૂધ અને ઘી છાંટીને તેને શાંત કરવી અને ભેગા થયેલા લોકોને ફળ, પપનસ આદિ ફળો આપવા. બીજે દિવસે સવારે હોળીની રાખને વંદન કરવું. આ રક્ષા શરીરને લગાડીને સ્નાન કરવું, જેણે કરીને આધિ–વ્યાધિની પીડા નથી થતી. (આધિ એટલે માનસિક વ્યથા અથવા ચિંતા અને વ્યાધિ એટલે શારીરિક રોગ.)

**-: ધુલિવંદન :-**

ફાગણ વદ એકમના દિવસે ધુલિવંદન (ધુળેટી) ઊજવવામાં આવે છે. હોલિકોત્સવમાં થનારા અનાચાર રોકવા એ આપણું ધર્મકર્તવ્ય છે ! હોળીને તહેવારના રૂપમાં ઊજવીને સાત્ત્વિક આનંદ મેળવો !કોઈ ધાર્મિક સમારોહમાં, તેને આયોજિત કરનારા અને તેમાં સહભાગી થનારા લોકોને જો હર્ષ, આનંદ અને મનઃશાંતિનો અનુભવ થાય, તો તેને ઉત્સવ કહે છે. પણ વર્તમાનકાળમાં ઉત્સવોનું સ્વરૂપ વિકૃત બનતું જાય છે. હોળીની જ વાત કરીએ, તો વર્તમાનકાળમાં

૧. પથિકો પાસેથી તેમજ વાહન ચાલકોને રોકીને બળજબરાઈથી ગોઠ ઉઘરાવવી
૨. હોલિકાની બાજુમાં દારૂ અથવા ભાંગ પીને અશ્લીલ નૃત્ય કરવું
૩. એકબીજા પર કાદવ ફેંકવો
૪. પાણીના ફુગ્ગા મારવા
૫. યુવતીઓ સાથે ઠઠ્ઠા–મશ્કરી કરવી તેમ જ તેમની સાથે અસભ્યતાથી વર્તવું
૬. દેવી–દેવતાઓનાં મહોરાં પહેરીને પૈસા માગવા
૭. પાણીનો બગાડ કરવો

આના જેવા અનાચારો સામાન્ય થવા લાગ્યા છે. તેના દ્વારા ધર્મહાની તો થાય છે જ, સાથે જ સામાન્ય નાગરિકો તહેવારોના મૂળ ઉદ્દેશથી અર્થાત ધર્મથી પણ દૂર જતાં રહે છે. આ અનાચારોને મૂક સંમતિ આપવી અથવા તે સહન કરવું, આ પણ ધર્મહાની થવા માટે ઉત્તરદાયી હોવા જેવું જ છે. આવા અનાચારોને રોકવા માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ. આ પ્રયત્નોનો અર્થ છે, ધર્મકર્તવ્ય નિભાવવું. ધાર્મિક તહેવારોની પવિત્રતા નિત્ય જળવાઈ રહે, તહેવારો ઊજવતી વેળાએ તેમાં અશ્લીલ અથવા અસભ્ય વ્યવહાર ન થાય, સહુ કોઈને આનંદ મળે, આપણાં તહેવારો પ્રત્યે ગર્વ લાગે, તેના માટે પ્રયત્નો કરવા, આ એક ધર્મસેવા જ છે. જે ધર્મનું રક્ષણ કરે છે, તેનું રક્ષણ ધર્મ (ઈશ્વર) કરે છે. તેથી હિંદુઓએ સંગઠિત થઈને પ્રયત્નો કરવા પડશે.

**-: રંગપાંચમ :-**

ફાગણ વદ પાંચમને દિવસે રંગપાંચમ ઊજવવામાં આવે છે. (આજકાલ અનેક ઠેકાણે હોળીના બીજા દિવસે રંગપાંચમ ઊજવવામાં આવે છે.) આ દિવસે ગુલાલ, રંગબેરંગી પાણી ઈત્યાદિ અન્યો પર છાંટવામાં આવે છે. ત્રેતાયુગ સુધી આ ઉત્સવને કોઈ વિશેષ મહત્ત્વ નહોતું. દ્વાપરયુગમાં કૃષ્ણ ભગવાન દ્વારા રંગપાંચમ ઊજવવામાં આવી, ત્યારથી તેને મહત્ત્વ પ્રાપ્ત થયું. પ્રત્યક્ષમાં ઈશ્વરે ઊજવેલો આ એકમાત્ર ઉત્સવ છે. આજ્ઞાચક્ર પર ગુલાલ લગાડવો, એટલે શિવજીને શક્તિતત્ત્વનું ઉમેરણ આપવાન પ્રતીક છે. ગુલાલના પ્રભા વથ દેહ સાત્ત્વિક લહેરોને ગ્રહણ કરી શકે છે. આજ્ઞાચક્ર દ્વારા ગ્રહણ કરવામાં આવેલું શક્તિરૂપી ચૈતન્ય સંપૂર્ણ દેહમાં સંક્રમિત થાય છે.

**-: રંગપાંચમ ઊજવવાની પદ્ધતિ તેમજ તેનું પાયાભૂત શાસ્ત્ર :-**

વાયુમંડળમાં રંગ ઉડાડીને આપણે દેવતાઓને સદર રંગોના માધ્યમ દ્વારા બોલાવી રહ્યા છીએ, એવો ભાવ રાખીને આપણે દેવતાઓનું સ્વાગત કરીએ છીએ. ભગવાનનાં ચરણોમાં નતમસ્તક થવું, આ રંમપાંચમનો ઉદ્દેશ છે.આ દિવસે રમવામાં આવતી રંગપાંચમ, દેવતાઓનાં આશીર્વાદરૂપી કાર્યનું પ્રતીક છે. આ દિવસે વાયુમંડળમાં ઉડાડવામાં આવતાં વિવિધ રંગકણોની દિશામાં જુદા જુદા દેવતાઓનાં તત્ત્વો આકર્ષિત થાય છે અને જીવને તેનો લાભ થાય છે.રંગપાંચમને દિવસે રંગોનું વિશેષ મહત્ત્વ હોય છે. તે દિવસે બને ત્યાં સુધી, નૈસર્ગિક રંગો ઉપયોગમાં લેવા. અન્ય દિવસોની તુલનામાં રંગપાંચમના દિવસે રંગોના માધ્યમ દ્વારા પાંચ ટકા વધારે સાત્ત્વિકતા પ્રક્ષેપિત થાય છે તેથી રંગ લગાડવાથી જીવની સાત્ત્વિકતા વધે છે.

**-: હોળી રમતી વેળાએ આ સાવચેતી રાખો ! :-**

૧. રંગ રમતી વેળાએ નૈસર્ગિક રંગોને જ પ્રાધાન્ય આપો !
૨. રંગ રમતા પહેલાં ત્વચાને કોપરાનું તેલ લગાડવું !
૩. હાથના વધેલા નખ કાપવા. એમ કરવાથી
રંગ લગાડતી વેળાએ અન્યને ઉઝરડા પડવાની શક્યતા રહેશે નહીં.
૪. કપડાં જૂનાં હોવા છતાં પણ એવાં હોવા જોઈએ કે
સંપૂર્ણ શરીર ઢંકાઈ જાય. એમ કરવાથી શરીર પર પરિણામ કરનારા રંગો સામે રક્ષણ થાય છે.
૫. રંગ રમતી વેળાએ મૂલ્યવાન વસ્તુઓ પાસે ન રાખવી.
૬. વાળની કાળજી લેવી
૭. રંગ રમ્યા પછી બને ત્યાં સુધી વહેલા જ રંગ
ધોઈ નાખવો જોઈએ. નહીંતર સહેલાઈથી એ નીકળતો નથી.
૮. શરીર પર દબાણ આપીને અથવા ઘસીને
લગાડવામાંઆવેલા રંગોને કારણે શરીરમાં બળતરા થાય છે.
ત્વચાને હાનિ પહોંચવાના ભયને લીધે આવા રંગ ધીમે રહીને કાઢવાનો પ્રયત્ન કરો.
૯. રંગ કાઢ્યા પછી ત્વચા કોરી પડી જાય છે. તેના પર
કોપરાનું તેલ અથવા દહીં લગાડીને ધીમે રહીને મર્દન (માલીશ) કરવાથી લાભ થાય છે.
૧૦. રંગ સહેલાઈથી નીકળે એ માટે ડિટર્જંટ અથવા કપડાંના સાબુનો ઉપયોગ કરવો નહીં.

# કોરોનાની રસી લીધા બાદ ડો.કેતન પટેલની રોગપ્રતિકારક શકિતમાં આઠ ગણો વધારો થયો

દાહોદ,

કોરોના વાયરસ સામે નાગરિકોને રક્ષણ આપવા રાજય સરકાર દ્વારા આદરવામાં આવેલી રસીકરણની ઝૂંબેશ તીવ્ર ગતિથી ચાલી રહી છે. રસી લીધા બાદ વ્યકિતમાં કોરોના વાયરસ સામે લડવાની રોગપ્રતિકારક શકિતમાં અનેક ગણો વધારો થાય છે. આ વાત લેબ ટેસ્ટમાં પૂરવાઇ થઇ ચૂકી છે. દાહોદમાં કોરોના વાયરસની વેક્સીનના બન્ને ડોઝ લેનારા ડો. કેતન પટેલે પોતાનો એન્ટિબોડી ટેસ્ટ કરાવ્યો તો માલૂમ પડ્યું કોરોના વાયરસ સામે લડવાની રોગપ્રતિકાર શક્તિમાં આઠ ગણો વધારો થયો છે.



દાહોદમાં ગત્ત તા. ૧૬ જાન્યુઆરીના રોજ રસીકરણના પ્રારંભ વેળાએ પ્રથમ દસ વ્યક્તિને ડોઝ આપવામાં આવ્યો તેમાં ઈન્ડિય મેડિકલ એસોસીએશનની દાહોદ શાખાના પ્રમુખ ડો. કેતન પટેલનો પણ સમાવેશ થાય છે.

મેં ગત્ત નવેમ્બરમાં એન્ટિબોડી ટેસ્ટ કરાવ્યો હતો. આ રિપોર્ટમાં એવું ધ્યાને આવ્યું હતું કે મારામાં શરીરમાં કોરોના વાયરસ સામે લડી શકે એવી એન્ટીબોડી નહોતી. આઇજીજી પ્રકારની એન્ટીબોડીનું પ્રમાણ માત્ર ૦.૧૯ યુનિટ જ હતું. જો કે, મને તે વખતે કોરોના પણ થયો નહોતો. બાદમાં બન્ને ડોઝ લીધા ગત્ત તા. ૨૫ માર્ચમાં એન્ટિ બોડી ટેસ્ટ કરાવ્યો તો તેમાં આઇજીજીનું પ્રમાણ ૮.૧૦ યુનિટ જોવા મળ્યું હતું. એનો બીજો મતલબ એ થયો કે મારી રોગપ્રતિકારક શક્તિમાં આઠ ગણો વધારો થયો છે.

માનવ શરીરમાં ત્રણ પ્રકારના એન્ટીબોડી બને છે. જેને ઇમ્યુનોગ્લોબ્યુલન–એમ, જી, અને ઇ તરીકે વર્ગિકૃત કરવામાં આવે છે. એમ પ્રકારની એન્ટિબોડી કોઇ રોગ લાગુ પડે એ બાદ ૧૫ દિવસ સુધી રહેતી હોય છે. એ બાદમાં શરીરમાં જી પ્રકારની એન્ટીબોડી બને છે. જેને આઇજીજી કહેવામાં આવે છે. આ એન્ટિબોડી શરીરમાં લાંબા સમય સુધી સક્રિય રહેતી હોય છે. એલર્જી જેવા દર્દીમાં આઇજીએમ બને છે.

કોરોના સામે ભારતીય વેક્સીન એકદમ સુરક્ષિત અને ૭૦ ટકા કારગત છે, એ વાત ઉક્ત બાબત સાબિતી આપે છે. ડો. કેતન પટેલ કહે છે કે, કેટલાક લોકોને કોરોના વેક્સીન લીધા બાદ પણ કોરોના વાયરસ થવાની ફરિયાદો આવે છે. તે સ્વાભાવિક છે. વેક્સીન લીધા બાદ ૧૫ દિવસ બાદ આઇજીજી શરીરમાં બનવાનું શરૂ થાય છે, હવે દરમિયાન જો કોઇ ચેપ લાગે તો કોરોના વાયરસ થઇ શકે છે. શરીરમાં કોરોના વાયરસનું પ્રમાણ કેટલાક પ્રમાણમાં છે ? એના આધારે એન્ટિબોડી કામ કરે છે. એટલે, સ્વાભાવિક પણે કોરોના વાયરસ લાગું પડી શકે છે. પણ, નાગરિકોએ ગભરાયા વિના રસી લેવી જોઇએ.

# વેક્સિન સુરક્ષિત છે, કોઇ સાઇડઇફેક્ટ નથી : ડો. હીરલ દેસાઇ

દાહોદ,



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બોરવાણી કેન્દ્ર ખાતે આયુષ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા ડો. હીરલ આર. દેસાઇએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. જેની કોઇ સાઇડ ઇફેક્ટ કે આડઅસર નથી. કોરોનાને નિયંત્રણમાં લાવવા વેક્સિનના બંને ડોઝ લેવા જરૂરી છે. અત્યાર સુધીના અનુભવ પરથી કહી શકાય કે કોરોના વેક્સિનની કોઇને આડઅસર થઇ નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં લાખથી પણ વધુ લોકોએ વેક્સિન લીધી છે પરંતુ કોઇને આડઅસર જણાઇ નથી. કોરોનાની વેક્સિનથી તકલીફ થાય છે એવો ખોટો ભય લોકોમાં ફેલાઇ ગયો છે. આ ભયને દૂર કરવાની જરૂર છે અને જેમનો પણ વારો આવ્યો હોય તેઓ તુરત જ વેક્સિન લઇ લે તેવી અપીલ કરૂં છું.

અત્યારે વેક્સિનેશનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે. આ તબક્કામાં ૬૦ કે તેથી વધુ વયના વડીલોને વેક્સિન આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ૪૫ કે તેથી વધુ વયના ગંભીર રોગ ધરાવતા લોકોને પણ સરકાર દ્વારા વેક્સિન આપવામાં આવી રહી છે. તેનો સત્વરે લાભ લેવો જોઇએ, જેથી કોરોનાથી સુરક્ષિત રહી શકાય. જયારે પણ વેક્સિન લેવા જાવ ત્યારે પણ માસ્ક પહેરવું, સામાજિક અંતરનું પાલન કરવું અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવો જેવા નિયમોનું ચુસ્તતાથી પાલન કરવાનું છે. સામાન્ય જીવનમાં પણ સરકાર દ્વારા કોરોના સંદર્ભે બહાર પાડવામાં આવેલા નિયમોનું અવશ્ય પાલન કરવાનું છે.

# વેક્સિનના હકારાત્મક અનુભવ, સૌને વેક્સિન લેવા અપીલ કરતાં નઇમ ખાન

દાહોદ,



જિલ્લા સેવા સદન ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા નઇમ ખાન જેમણે કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ પોતાનો આ અંગેનો અનુભવ જણાવતા કહે છે કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ વેક્સિનની કોઇ આડઅસર નથી. વેક્સિન એ કોરોના સામેનો સુરક્ષિત ઉપાય છે. વેક્સિન બાબતે જે અફવાઓ ચાલે છે તે સાવ ખોટી છે, તેમાં કોઇ તથ્ય નથી. હું જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરૂં છું કે, જેમ જેમ દરેકનો વેક્સિન માટે વારો આવે તેમ સૌ કોઇએ વેક્સિન યથાશીઘ્ર લઇ લેવી.

તેઓ જણાવે છે કે, વેક્સિન લીધા બાદ પણ કોરોના સામે સાવચેતીના પગલાઓ તો લેવાના જ છે. માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવો વગેરે બાબતોનું ચુસ્ત પાલન કરવું જોઇએ. જેથી આપણે અને આપણા પરીવારજનો કોરોનાથી દૂર રહે.

અત્યારે કોરોનાના કેસોમાં દેશભરમાં મોટો ઉછાળો થયો છે. ત્યારે જે લોકોનો વેક્સિન માટે વારો આવ્યો હોય તેવો તુરત જ વેક્સિન બાબતે કોઇ પણ શંકા રાખ્યા વિના વેક્સિન લઇ લે. દેશભરમાં લાખો કોરોના વોરિર્યસ અને વડીલોએ આ વેક્સિન લીધી છે અને કોરોના સામું રક્ષણ મેળવ્યું છે.

# રેડીમેડ દુકાન માંથી કપડાનો જથ્થો ચોરી કરી વેચવા ફરતો આરોપી ગોધરામાંથી ઝડપ્યો



ગોધરા,

ખાનગી બાતમીદારથી બાતમી મળેલ કે રફીક ઉર્ફે ચમડો ઇબ્રાહિમ હસુ મિસ્ત્રીનાનો ક્યાંક થી પોતે કાપડનો જથ્થો ચોરી કરી લાવી કાંટડી ગામ નજીક નર્મદા કેનાલ એક્સઠ પાટીયા પીકપ સ્ટેડ ઉપર કાપડનો જથો ઉતારેલ છે અને તે સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમી આધારે એસ.ઓ.જી. તથા એલ.સી.બી. ટીમના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હોય તાત્કાલીક તેઓને સદર બાતમી વાળી જગ્યાએ પહોંચી જઈ આ ચોરીનો જથ્થો પકડી પાડવા સુચના આપતા એસ.ઓ.જી. તથા એલ.સી.બી. ટીમના પોલીસ માણસો સદર બાતમીવાળી જગ્યાએ પહોંચી જઈ તપાસ કરતા રફીક ઉર્ફે ચમડો ઇબ્રાહિમ હસુ મિસ્ત્રી (હીસ્ટ્રીસીટર) નાનો તેના કજામા અલગ અલગ પોટલાઓમાં જીન્સના પેટ નંગ –૮૪૪ અલગ અલગ કંપનીના શર્ટ નંગ –૨૭૮, ટી–શર્ટ નંગ –૨૭૦, કમરના બેલ્ટ નંગ–૭૧, ટ્રેક તથા કેપરી નંગ –૧૩, પાંચ જોડી બુટ મળી કુલ મુદ્દામાલ ૮,૯૩,૮૦૦/–નો કોઇ પણ પ્રકારના આધાર કે બીલ વગર મળી આવતા પ્રાથમીક પુછપરછ દરમ્યાન સદર મુદ્દામાલ ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનું જણાતા પ્રથમ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબજે લઈ ઇસમને અટક કરવામાં આવેલ તે બાદ જીણવટ ભરી રીતે તપાસ કરી તમામ જીલ્લાના પોલીસ સ્ટેશનો ખાતે તપાસ કરતા અને આરોપીની ઘનિષ્ઠ પુછપરછ કરતા નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કમળા ચોકડી ઉપર આવેલા સ્વસ્તીક લેન્ડ માર્ક કોપ્લેક્ષમાં દુકાન નં.૧૭ ના શટરના તાળા તોડી તા.૨૧–૨૨/૦૩/૨૦૨૧ ના રાત્રીના સમયે મેન્સવેર કપડાની ચોરી થયા બાબતે નડીયાદ રૂરલ પોલીસ સ્ટેશન એ નોંધાયેલ પંચમહાલ ગોધરા એસ.ઓ.જી. પોલીસને વણશોધાયેલ ગુનો આરોપી તથા મુદ્દામાલ પંચમહાલ ગોધરા એસ.ઓ.જી. તથા એલ.સી.બી. પોલીસે શોધી કાઢેલ છે.

# કાલોલ તાલુકાના સાગાના મુવાડા ગામે સાત દિવસના પારાયણ ની પૂર્ણાહુતિ કરાઈ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલના સાગાના મુવાડા ગામના વતની દશરથભાઈ રામભાઈ સોલંકીને ત્યાં પ્રણામી સંપ્રદાયના કાર્યક્રમ અંતર્ગત ૨૦ માર્ચ થી રાજ શ્યામાજી સેવા પધરામણી અને મુખવાણીનો પ્રારંભ કર્યો હતો. આ પ્રથમ દિવસે સમાજ સુધારક ગુરૂ વિક્રમદાસ મહારાજના વાણીનો પ્રવચન લાભ ભક્તો ને મળ્યો હતો. આ ઉપરાંત જગતગુરૂ આચાર્ય સુર્યનારાયણ મહારાજ સુરત, ગુરૂજી મહેન્દ્ર પ્રસાદ સુંદલપૂરા, શાસ્ત્રીજી મહારાજ ભરોડા, મહેન્દ્રભાઈ ઓડ, વિનોદભાઈ સુરત તથા ગલુદાસ મહરાજ પીંગળી સહીત ગુરૂજનો ઉપસ્થિત રહી સેવા આપી હતી. આ નિમિતે પીંગળી કૃષ્ણ પ્રણામી મંદીર થી શોભા યાત્રા નીકળી સાગના મુવાડા ગિરીશભાઈ સોલંકીને ત્યાં પહોંચ્યા હતા. સતસંગ પ્રવચન તથા સાતમા દિવસે પૂર્ણાહુતિ કરી હતી. પીંગળી ભજન મંડળનો પ્રથમ ક્રમ આવતાં ૫૦૦૧ રૂપિયાનું રોકડ ઈનામ મંડળને સુર્ય નારાયણ મહારાજને હસ્તે એનાયત કર્યું હતું. સૌ આજુ બાજુના ગ્રામજનો, સુંદરસાથો ઉપસ્થિત રહ્યાં હતા. આ તબક્કે પીંગળી, નાની પીંગળી, રાજપુર, સાગાના મુવાડા, જેલી, હમીરપુરી, ભાખારની મુવાડી,મહેલોલ, કાનોડ, કાલોલ થી લઇ અનેક સુંદર સાથી ભક્તો આ મહાકાર્યમાં જોડાયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 182

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ કેસ પોઝીટીવ

# ગોધરા સ્થિત પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ચાર કર્મચારીઓ કોરોના સંક્રમિત




- બે એજ્યુકેશન ઈન્સ્પેક્ટર, એક ઓફીસ સુપ્રીટેડેન્ટ અને એક કલાર્કનો આવ્યો કોરોના પોઝિટિવ રિપોર્ટ.
- કચેરીમાં એક સાથે ચાર કર્મચારીઓને પોઝિટિવ રિપોર્ટ આવતાં જ અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો.
- શિક્ષકો બાદ હવે શિક્ષણ અધિકારી કચેરીના કર્મચારીઓ પણ કોરોનાની ઝપેટમાં.


ગોધરા, દિવસ દરમ્યાન માધ્યમિક તથા ઉચ્ચતર મા. શાળાના આચાર્યો અને સ્ટાફના અવરજવર થી વ્યસ્ત રહેતી ગોધરામાં આવેલી પંચમહાલ જીલ્લા શિક્ષણ અધિકારીમાં ફરજ બજાવતા ૦૪ જેટલા કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવતાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. એક જ કચેરીમાં પોઝીટીવ કેસનો વધારો થતાં આરોગ્ય ટીમની મદદ થી શારીરિક ચકાસણી શરૂ કરવા સાથે કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ કચેરી કાર્યરત રાખીને કામગીરી કરવામાં આવનાર છે.

છેલ્લા ૧૦ દિવસ થી દેશભરમાં કોરોના એ માથું ઉચક્યું છે. અગાઉ ૩ માસ પૂર્વે ધીરેધીરે કોરોનાના કેસોમાં ઘટાડો થવાની સાથે કોવિડ-૧૯ની રસી શોધવામાં આવ્યાના સમાચારો વચ્ચે એક રાહતનું કિરણ જોવા મળ્યું હતું. પંચમહાલ જીલ્લામાં પણ હવે જાણે કોરોના એ વિદાય લીધી હોય તેવા માહોલ વચ્ચે લોકો નિશ્ચિંત રહીને રોજીંદી કામગીરીમાં પોરવાઈ ગયા હતા. પરંતુ છેલ્લા ૧૦ દિવસ થી અચાનક પોઝીટીવ કેસોમાં ઉત્તરોતર વધારો પંચમહાલ જીલ્લામાં નોંધાઈ રહ્યો છે. વિતેલા ૩ દિવસમાં રોજીંદા ૨૦ ઉપરાંત પોઝીટીવ કેસો બહાર આવતા લોકોમાં ચિંતાની લાગણી વ્યાપવા સાથે આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. થાળે પડેલ કોરોનાની મહામારી વચ્ચે આરોગ્ય તંત્ર દ્વારા અગાઉ સર્વે કરાયેલા સીનીયર સીટીઝનોને કોરોનાની રસીકરણ માટે પ્રોત્સાહિત કરાઈને કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અને આગામી પહેલી ૧ એપ્રિલ થી ૪૫ વર્ષના તમામને કોરોનાની રસી આપવામાં આવનાર છે. સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા અને બચાવ કામગીરી અંતર્ગત એક તરફ ચાલી રહેલા રસીકરણના અભિયાનને મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. તો બીજી તરફ કોરોનાની રોકેટ ગતિ એ પોઝીટીવ કેસોની સંખ્યામાં વધારો થતાં આરોગ્ય વિભાગ પણ સજાગ બનીને દર્દીની સારવાર માટે જોતરાયું છે. આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે રસીનો લાભ અપાઈ રહ્યો છે. તેવા સમયે દિવસ દરમ્યાન માધ્યમિક તથા ઉચ્ચતર મા. શાળાના આચાર્યો અને સ્ટાફના અવરજવર થી વ્યસ્ત રહેતી ગોધરામાં આવેલી પંચમહાલ જીલ્લા શિક્ષણ અધિકારીમાં ફરજ બજાવતા ૦૪ જેટલા કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવતાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. દિવસ દરમ્યાન જીલ્લાભરની વિવિધ શાળાઓમાંથી કામ અર્થે આવતા આચાર્યો, શિક્ષકો, કારકુનની અવરજવર થી ધમધમતી આ કચેરીમાં સંક્રમણ ફેલાઈને એકસાથે ચાર કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવતા વાલીઓમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. કારણ કે, આ સંક્રમણ ધરાવતા કર્મચારીઓ સંભવિત શાળામાં પહોંચીને બાળકો સમક્ષ સંપર્કમાં આવી શકે છે. અને નાના બાળકો જલ્દી આ રોગમાં સપડાતા હોય છે. તેવા સમયે શાળાના શિક્ષકો પણ જરૂરી કાળજી રાખે તે જરૂરી બન્યું છે. અગાઉ વિવિધ વિસ્તારની એક જ શાળાના બે થી વધુ શિક્ષકો પણ કોરોનાની ઝપેટમાં આવેલા હોવાનું બહાર આવેલું છે અને ધીરેધીરે શિક્ષક આલમમાં પણ કોરોનાની ગતિ વધી રહી છે. તે શિક્ષણ જગત માટે ચિંતાનું કારણ છે. ત્યારે ગોધરામાં આવેલી પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના ચાર કર્મચારીઆ કોરોનાના રોગમાં સપડાતા તાત્કાલીક અસર થી કોરોનાગ્રસ્ત કર્મચારીઓને હોમ કવોરન્ટાઈન કરીને તેઓને રજા આપવામાં આવી હતી અને સરકારની કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ સમગ્ર કચેરીઓને સેનેટાઈઝેશન કરવા સાથે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવનાર છે.

### આજે ૨૫ પોઝીટીવ કોરોનાના કેસ

પંચમહાલ જીલ્લા પંચાયત આરોગ્ય શાખાના સૂત્રોના જણાવ્યા અનુસાર તા.૨૬ માર્ચના રોજ જીલ્લાભરમાં ૨૫ ઉપરાંત પોઝીટીવ કેસ મળ્યા છે. જેમાં શહેરી વિસ્તારના ગોધરામાં ૧૪, હાલોલ-૭, કાલોલ-૩ કેસ છે. તેવી રીતે દિવસ દરમ્યાન ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એકમાત્ર કેસ મળી આવ્યો છે. અને આજે ૩૮ દર્દીઓ સાજા થતાં તેઓને રજા આપવામાં આવી હતી. જો પોઝીટીવ કેસો ઉપર નજર નાખવામાં આવે તો અત્યાર સુધી કુલ ૪૩૬૨ પોઝીટીવ કેસ નોંધાવાની સાથે ૪૦૨૦ દર્દીઓને રજા અપાતા હાલમાં ૧૯૯ એકટીવ દર્દીઓ છે.

# હોળીના તહેવારના ગણતરીના દિવસો બાકી છે ત્યારે પંચમહાલ જીલ્લાના વિવિધ બજારમાં મંદીનો માહોલ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ગોધરા/ઘોઘંબા, હોળી તહેવારના બે દિવસ બાકી છે. ત્યારે વહેપારીઓએ ઘરાકીને અનુલક્ષીને દિવસો થી દુકાનોમાં માલ ખડકી દેવામાં આવ્યો છે. પરંતુ નહીંવત ઘરાકી લઈને મંદીના વાતાવરણ થી વેપારીઓ ચિંતાતુર બન્યા છે. પરંતુ છેલ્લા દિવસોમાં ઘરાકી ખુલવાની આશા વેપારીઓ સેવી રહ્યા છે.

હોળી એટલે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના આદિવાસી સમાજમાં મહત્વનો તહેવાર ગણાય છે. આ તહેવાર આવતાની સાથે જ જિલ્લાના વતની હોય તેવા લોકો પોતાના કામ ધંધા છોડીને પોતાને માદરે વતન પરત પાછા ફરતા હોય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકો માટે ધાર્મિક રીતે અગત્યનો ગણાતા હોળી પર્વને ઉજવણી કરવા થનગનાટ અનુભવતા હોય છે.ખાસ કરીને આદિવાસી સમાજમાં દિવાળી તો અઠેઠેઠે પણ હોળી તો ઘોરે.... તેવી પરંપરાગત રીતે હોળી મનાવવાની વિવિધ રસમો મુજબ પંચમહાલ જીલ્લાની બહાર કામ અર્થે ગયેલા લોકો ઉજવણી માટે ધીરેધીરે વતન તરફ વળી રહ્યા છે.

હોળીના તહેવારમાં લોકોનો બજારમાં ખરીદીનો માહોલ પણ ખૂબ જામતો જોવા મળે છે. પરંતુ હાલમાં કોરોના મહામારીના સમયમાં સૌને પોતાનો જીવ વહાલો હોય છે.એટલે બજારોમાં પણ ખરીદીનો માહોલ મંદ મંદ જણાઈ રહ્યો છે. વેપારીઓ માટે પોતાના ધંધા-રોજગાર કરવાનો સમય પણ આ જ હોય છે. પરંતુ લોકોમાં ખરીદીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ખરીદીનું ગ્રહણ લાગી હોય તેવો માહોલ આ વર્ષે તહેવારોની ઉજવણીમાં જોવા મળે છે.

હોળી એટલે 'રંગો'નો તહેવાર કહેવાય છે. હોળીના તહેવારને 'વસંતોત્સવ' પણ કહેવાય છે. ઢોલ, નગારા અને શરણાઈ સાથે વિવિધ સ્થળોએ મેળાની રમઝટ સાથે ગામડાંની પ્રજા હોળીના રંગો ખેલવા નીકળી પડે છે અને આનંદ અને ઉત્સવ મનાવે છે. આ દિવસોમાં લોકો જાણે ચણા, ખજૂર, સાકર-હાર અને ગોળની ખરીદી કરે છે. બજારમાંથી મળતી આવી તમામ વસ્તુઓ ખાવાનો આનંદ પણ મેળવે છે. આ વસ્તુઓ પોતાના આડોશ-પાડોશ સગા સંબંધીઓમાં પણ લહાણી કરવાનો અનેરો અવસર હોય છે. આમ, પંચમહાલ જીલ્લાના ગોધરા, ઘોઘંબા, મોરવા(હ) સહિતના વિવિધ વિસ્તારના બજારોમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંતુ છેલ્લા દિવસે ઘરાકી નિકળવાની આશા સેવી રહ્યા છે.

# ઘોઘંબાના બાકરોલ ગામે ગૌશાળા ચલાવતા યુવાનો દ્વારા ગાયના છાણ માંથી બનતા ગૌકાસ્ટથી હોળી દહન માટે પ્રયાસ

ઘોઘબા, હોળીનો તહેવાર આવી રહ્યો છે અને હોળીના દિવસે લાખો ટન લાકડા સળગાવીને હોલિકા દહન કરવામાં આવશે. પર્યાવરણવાદીઓ હોળીના તહેવારમાં મોટી સંખ્યામાં લાકડાના દહન સામે સામુહિક હોળી કરવા માટે વિનંતી કરતા હોય છે. ત્યારે બીજી તરફ જનજાગૃતિને કારણે હવે લોકોમાં ઈકોફ્રેન્ડલી હોળીનું પણ ચલણ વધ્યું છે. ત્યારે પંચમહાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તાર ખાતે અનોખી ગૌસેવા યુવાનો દ્વારા ગાયના છાણમાંથી હોળી માટે લાકડા બનાવીને આપવામાં આવે છે. જેને કારણે ઈકોફ્રેન્ડલી હોળીને પ્રોત્સાહન મળે. પંચમહાલ જિલ્લાના ઘોઘમ્બાના બાકરોલ ખાતે યુવાનો ગૌશાળા ચલાવે છે. ઘરડી અને બીમાર ગાયને કતલખાને આપવા માંગતા પશુપાલકો પાસેથી ગૌધનને ખરીદી લીધા બાદ તે ગાયની આજીવન નિસ્વાર્થ સેવા આ ગામના યુવાનો કરે છે. પોતાની સંપત્તિ વેચીને પણ આ પ્રકારની ગાયની સેવા કરતા બાકરોલ ગામના યુવાનોએ હવે પર્યાવરણની જાગૃતિ માટે સંદેશો ફેલાવવાનો નવો રસ્તો અપનાવ્યો છે. ગાયના છાણમાંથી લાકડા બનાવી અને હોળીમાં દહન કરવા માટે આપવામાં આવે છે. ગાયના છાણમાંથી બનતા લાકડાને ગૌકાસ્ટ કહેવામાં આવે છે. જેને હોલિકા દહન માટે આપવામાં આવે છે. જેથી જંગલમાંથી લાકડા કાપીને હોળી પ્રગટાવવાને સ્થાને ઈકોફ્રેન્ડલી હોળી કરી શકાય. અલબત્ત ગૌકાસ્ટમાંથી કરવામાં આવેલા હોલિકા દહનના ફાયદા પણ છે. તેને કારણે વાતાવરણ શુદ્ધ થાય છે. પર્યાવરણને નુકસાન થતું નથી. સાથે બીમારી ફેલાવનારા મચ્છર, માખી જેવા જીવ જંતુઓ પણ નાશ પામે છે. હાલમાં ગૌશાળા ખાતેથી ગૌકાસ્ટને શહેરો સુધી પહોંચાડવાની કામગીરી યુવાનો કરતા જોવા મળે છે. જેથી શહેરોમાં ઈકોફ્રેન્ડલી હોળી કરવા માટે ગૌકાસ્ટ સમયસર પહોંચી શકે.

### કોરોનાના વધતા કેસો સામે માસ્ક વિતરણ કરતાં પોલીસ અધિકારીઓ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકામાં નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોવિડ-૧૯ નાં કેસોમાં વધારા સામે કાલોલ પોલીસે કાલોલ નગરમાં માસ્ક વગરના રાહદારીઓ અને ધંધાદારીઓને કાલોલ પોલીસ સ્ટેશના પો.સ.ઈ. એમ.કે.માલવીયા તેમજ એલ.એમ.પરમાર દ્વારા માસ્ક વિતરણ કરવામાં આવ્યું. કાલોલ પોલીસ દ્વારા પ્રશંસનીય કામગીરી શરૂ કરવામાં આવી છે.

# મોરવા હડફની પેટા ચૂંટણીને લઈ કોંગ્રેસ આવી એકશનમાં



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

- વિધાનસભા બેઠક માટે દાવેદારી કરનાર સંભવિત દાવેદારોના સેન્સ લેવા માં આવ્યા.
- ૪ નિરીક્ષકો એ કોંગ્રેસ પક્ષ તરફ થી ૧૧ જેટલા દાવેદારો સાથે કરી ચર્ચા.
- દરેક દાવેદારો અને તેમના સમર્થકો સાથે નિરીક્ષકો એ ચર્ચા કરી માહિતી મેળવી.
- કોંગ્રેસના નિરીક્ષકો તરીકે પ્રભાબેન તાવીયાડ, નારણભાઈ રાઠવા, ઘનશ્યામભાઈ ગઢવી, ભગુરાજસિંહ ચૌહાણ ઉપસ્થિત.
- કોંગ્રેસ તરફથી દાહોદના ૭ વખત સાંસદ રહી ચૂકેલા સોમજી ડામોરના પૂત્ર વનરાજસિંહ ડામોરનું નામ લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.
- વનરાજસિંહ ડામોરની સાથે સુરેશભાઈ કટારા, કમળાબેન ડામોરના નામોની પણ સંભવિત ઉમેદવાર તરીકે ચર્ચા થઈ રહી છે.

ગોધરા, આગામી યોજાનાર મોરવા હડફ ની પેટા ચૂંટણી ને લઈ કોંગ્રેસ આવી એકશનમાં આવી છે અને યોજવામાં આવેલી બેઠકમાં વિધાનસભા બેઠક માટે દાવેદારી કરનાર સંભવિત દાવેદારો ના સેન્સ લેવા માં આવ્યા હતા.દિવસ દરમ્યાન ૪ નિરીક્ષકોએ કોંગ્રેસ પક્ષ તરફ થી ૧૧ જેટલા દાવેદારો સાથે કરી ચર્ચા કરાઈ હતી. મોરવા(હ) વિધાનસભા બેઠકના અપક્ષ પરંતુ કોંગ્રેસના મનાતા ધારાસભ્ય ભુપેન્દ્ર ખાંટ નું દેવ અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. અને સમયમર્યાદામાં ચુંટણી યોજવા માટે તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાઈને ફોર્મ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મોરવા(હ) વિધાનસભા બેઠકની પેટાચુંટણી અનુલક્ષીને ભાજપ અન કોંગ્રેસ દ્વારા સંભવિત ઉમેદવારોના સેન્શ લેવાઈ રહ્યા છે. ત્યારે આ બેઠક ઉપર કોંગ્રેસનો દબદબો જળવાઈ રહે તે માટે પેટા ચુંટણી જીતવા માટે કોંગ્રેસે પણ ફોક્સ કર્યું છે. ચુંટણીને લઈને કોંગ્રેસ એકશનમાં આવીને સંગઠન મજબુત બનાવવા સાથે સંભવિત ઉમેદવારની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શુક્રવારના રોજ કોંગ્રેસ દ્વારા બેઠક યોજીને સેન્શ લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં હાજર નિરીક્ષકો સમક્ષ એક પછી એક સંભવિત ઉમેદવારો સાથે ચર્ચા વિચારણા કરીને ચુંટણી જીતવા માટે રણનીતિ તૈયાર કરવા સાથે સક્ષમ ઉમેદવારને પસંદગી માટે નામની પુછપરછ કરી હતી. કોંગ્રેસ પક્ષ તરફ થી આવેલા નિરીક્ષકો સમક્ષ ૧૧ જેટલા દાવેદારો એ ટીકિટની માંગણી કરી હતી. અને દરેક દાવેદારો અને તેમના સમર્થકો સાથે નિરીક્ષકો એ ચર્ચા કરી માહિતી મેળવી હતી. આ બેઠકમાં કોંગ્રેસના નિરીક્ષકો તરીકે પ્રભાબેન તાવીયાડ, નારણભાઈ રાઠવા, ઘનશ્યામભાઈ ગઢવી, ભગુરાજસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ પેટા ચુંટણીની મોરવા(હ) બેઠક આદિજાતિ અનામત ફળવાઈ હોવાથી અને આ વિસ્તારના જાણીતા ચહેરાઓની સંભાવના વચ્ચે કોંગ્રેસ તરફથી દાહોદના ૭ વખત સાંસદ રહી ચૂકેલા સોમજી ડામોરના પૂત્ર વનરાજસિંહ ડામોરનું નામ લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. વનરાજસિંહ ડામોર ની સાથે સુરેશભાઈ કટારા, કમળાબેન ડામોરના નામોની પણ સંભવિત ઉમેદવાર તરીકે રહી ચર્ચા થઈ છે. પરંતુ નિરીક્ષકો દ્વારા ચાર ઉમેદવારની પેનલ તૈયાર કરીને રણનીતિ સાથેનો અહેવાલ ગુજરાત પ્રદેશ સમક્ષ મૂકવામાં આવનાર છે. અને હોળી તહેવારમાં ફાઈનલ ઉમેદવારના નામની જાહેરાત કરનાર છે. પરંતુ હાલમાં તો અનેક નામોની ચર્ચાઓ વચ્ચે સંભવિત ઉમેદવારો દ્વારા પોતાના ગોડફાધર સમક્ષ રાજકીય લોબીંગ શરૂ કર્યું છે. પરંતુ આગામી દિવસોમાં નામની જાહેરાત થશે.

# ગોધરામાં નોટરી પાસે સ્ટેમ્પ પેપર પર ખોટી નાણાની કબુલાત કરાવીને કરેલી ચેક રીટર્નની ખોટી ફરીયાદમાં આરોપીઓને નિર્દોષ ઠરાવતી અદાલત

ગોધરા, રોજબરોજના ધંધામાં તથા નાણાકીય વ્યવહારોમાં ચેકનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હોય છે. નાણાકીય વ્યવહારોમાં ચેક થી નાણાની લેવડ દેવડ કરવામાં લોકોને વિશ્વાસ રહે તે માટે સરકાર કડક કાયદા પણ બનાવે છે. પરંતુ કેટલાક લોકો આ કાયદાનો દુરઉપયોગ કરીને ચેક રીટર્નની ખોટી ફરીયાદો કરીને લોકોને જેલની બીક બતાવીને નાણા પડાવવાના બનાવો પણ બનતા હોય છે. નોટરી પાસે સ્ટેમ્પ પેપર પર નાણા આપવાની ખોટી કબુલાત લખાવીને ચેકો મેળવીને કરેલી ચેક રીટર્નની ફરીયાદ કોર્ટમાં ખોટી જણાતા ગોધરા કોર્ટે આરોપીઓને ચેક રીટર્નના ગુનામાંથી નદોર્ષ ઠરાવીને છોડી મુકવાનો મહત્વનો ચુકાદો આપેલ છે. વીગતવાર મળેલી માહીતી મુજબ ફરીયાદી સુફીયાન ઈમરાન મીસરી રહેવાસી પોલન બજાર ગોધરાનાએ ગોધરા કોર્ટમાં એવી ફરીયાદ કરેલી હતી કે ફરીયાદીએ આરોપી ૧. રશ્મીકાબેન ચેતનકુમાર સુથાર અને ૨. ચેતનકુમાર બી. સુથાર રહેવાસી દાવની વાડી, રેલવે કોલોની, ગોધરા નાઓ પાસેથી તેમની જુની ઈન્ડીકા કાર રૂપીયા ૨૭,૦૦૦/ માં ખરીદ કરેલી હતી. અને ખરીદ કર્યા બાદ ફરીયાદીએ તે કારમાં રૂપીયા ૨૨,૦૦૦/- નો ખર્ચ કરેલ હતો. પરંતુ પાછળથી જાણવા મળેલ કે કાર પર બેંકની લોન બાકી હતી. તેથી કારના વેચાણનો સોદો રદ કરવામાં આવેલ અને આરોપીઓએ ફરીયાદીને નોટરીની રૂબરૂમાં સ્ટેપ પેપર પર કાર પરત લીધા બાબતનું અને ફરીયાદીને કુલ રૂપીયા ૪૭,૫૦૦/- ચુકવી આપવાની જવાબદારી સ્વીકારી અને તે રકમની ચુકવણી માટે પોતાના જોઈન્ટ ખાતાનો યુનીયન બેંકનો ચેક લખી આપેલ બાબતનું કબુલાતનું લખાણ લખી આપેલ. ફરીયાદીએ તે ચેક બેંકમાં કલીયરીંગમાં રજુ કરતા બેંકે તે ચેક પરત કરેલ હતો. તેથી ફરીયાદીએ કાયદેસરની નોટીસ આપ્યા બાદ આરોપીઓ સામે ચેક રીટર્નના ગુનાની ફરીયાદ દાખલ કરી હતી. સદર ફરીયાદ ગોધરા કોર્ટમાં ચાલી જતા બંને પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાઓ અને આરોપીઓ તરફે એડવોકેટ અશોક.એ. સામતાણીની દલીલોને ધ્યાનમાં લઈને ગોધરાના ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ જજ એ ફરીયાદ પક્ષ કોર્ટમાં પોતાની ફરીયાદમાં જણાવેલી હકીકતો નીશંકપણે સાબીત કરી શકેલ નથી તેમ ઠરાવીને બચાવ પક્ષની રજુઆત યોગ્ય જણાતા આરોપીઓને ચેક રીટર્નના ગુનામાંથી નીદોર્ષ ઠરાવીને છોડી મુકવાનો મહત્વનો ચુકાદો જાહેર કરેલ છે.

# ગોધરા પ્રાંત અધિકારી તરીકે પૂરવઠા અધિકારી એન બી રાજપૂતની નિમણૂકની કરવામાં આવી

ગોધરા, ગોધરા પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા વી.આર. સકસેનાની અમરેલી DRDO કમિશનર તરીકે બદલી કરવામાં આવી હતી. જેને લઈને ગોધરા SDMની જગ્યા ખાલી પડતા રેવન્યુ વિભાગના સેક્રેટરી દ્વારા ગોધરા SDM તરીકે પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી તરીકે ફરજ બજાવતા એન.બી. રાજપૂતની નિમણૂંકની કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં ગૌમાંસ વેચાણ કરતા ચાર ઈસમોને ૧.૮૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા



ગોધરા, ગોધરા શહેર મીઠીખાન મહોલ્લા કસાઈવાડામાં ગૌવંશનું કત્તલ કરીને ગૌવંશનું વેચાણ કરતા હોય તે વિસ્તારના બી ડીવીઝન પોલીસ અને અધિકારીઓ સાથે મળી વિસ્તારને કોર્ડન કરી રેઈડ કરતા કેટલાક ઈસમો પોટલા મૂકી નાશી છુટીયા હતા. જ્યારે ચાર વ્યકિતને ૩૨૫ કિલો ગૌમાંસ અને મટન કાપવાના સાધનો સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર મીઠીખાન મહોલ્લા કસાઈવાડામાં ગૌવંશનું કત્તલ કરીને ગૌવંશનું વેચાણ કરતા હોય તેવા ઈસમો સામે કાર્યવાહી કરવાના પોલીસ અધિકારીઓના સુચનો કરેલ હોય જેને આધારે બી ડીવીઝન પોલીસ મથક અધિકારીઓ તેમજ સ્ટાફ સાથે રેઈડ કરી હતી અને આ વિસ્તારને કોર્ડન કરી કાર્યવાહી કરવામાં આવતાં મટન માર્કેટમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસની કાર્યવાહી દરમ્યાન પોલીસે ગૌમાંસ ૩૨૫ કિલો કિંમત ૭૧,૬૧૦/-રૂપીયા મટન કાપવાની છરી-છરા, તગારા, ત્રાજવા, વજન કાંટા, અતુલ લોડીંગ રીક્ષા, બાઈક સહિતનો રૂપીયા ૧,૮૨,૭૪૫/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસની કાર્યવાહી દરમ્યાન અબ્દુલ રહેમાન અહમદ સુરતી, કુબરા મોહમદ ભાગલીયા, રૂકૈયા અબ્દુલ્લા દુદ્ધી, શારીફા સીદ્દીક પીતળને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ બાબતે ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.